**આંક–૧૦**

**અમદાવાદના મે. લેબરકોર્ટના પ્રિસાઈડીંગ ઓફિસર સાહેબ સમક્ષ.**

**રેફરન્સ (ટી)નં–૭૪૮/૨૦૧૭**

**પ્રથમ પક્ષકાર :–** **૧.** **મે.મેનેજરશ્રી / ડાયરેકટરશ્રી,**
**કલ્પતરુ પાવર ટ્રાન્સમીશન લીમીટેડ**
હે.પાર્ટ–૩ પ્લોટ નં–૧૦૧, જી.આઈ.ડી.સી.,
સેકટર–૨૮, ગાંધીનગર.

**૨.** **મે. પ્રોપરાયટરશ્રી,**
**પદમાવતી મેનપાવર સપ્લાયર,**
**૮/૦** કલ્પતરુ પાવર ટ્રાન્સમીશન લીમીટેડ
હે.પાર્ટ–૩ પ્લોટ નં–૧૦૧, જી.આઈ.ડી.સી.,
સેકટર–૨૮, ગાંધીનગર.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર :–** **શ્રી મેહુલભાઈ ચંદુજી ઠાકોર,**
હે.સિંહોલી, ડેરી પાછળ,ગામ–મોટી સિંહોલી,
તા.જી. ગાંધીનગર.
૮/૦ અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,
બીજો માળ, અરબ ચેમ્બર્સ, પથ્થરકુવા, રીલીફરોડ,
અમદાવાદ.૧.

| | | |
|---|---|---|
| હાજર રહયા :– | પ્રથમ પક્ષકાર નં–૧ તરફે | : શ્રી જે.ડી.ચાલીસહજાર. |
| | પ્રથમ પક્ષકાર નં–૨ તરફે | : શ્રી પી.પી.ઝવેરી. |
| | બીજા પક્ષકાર તરફે | : શ્રી વી.કે.કાઝી. |

**: <u>એ વો ર્ડ</u> :**

**૧.** આ કામના બીજા પક્ષકાર શ્રી મેહુલભાઈ ચંદુજી ઠાકોર તથા પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ મદદનીશ મજુર કમિશ્નરશ્રી એ તેમના તા.૩૦/૦૯/૨૦૧૬ ના પત્ર ક્રમાંક: નાશ્રઆ/અવિ/વિ–૩/આઈડીઆર.નં–૩૪૯/૨૦૧૬. ૧૮૩૦૫ થી સીધી મજુર અદાલત સમક્ષ કરવા જણાવેલ હોઈ અત્રે હાલનો રેફરન્સ દાખલ કરેલ છે.

**૨.** સદર કામમાં બીજા પક્ષકારનાં વિ.પ્રતિ.શ્રી વી.કે.કાઝીએ આંક–૦૯ થી રજુ કરેલ વિડ્રો પુરસીસથી જાહેર કરેલ છે કે, આ કામના પ્રથમ પક્ષકાર નં–૨ પદમાવતી મેનપાવર સપ્લાયર સાથે સમધાનની વાટાઘાટોના અંતે રેફરન્સ કેસમાં ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨(પી) મુજબનું થવા પામેલ છે અને તે સમાધાનથી બીજા પક્ષકારના વિવાદનો તેમજ રેફરન્સ અન્વયે માંગવામાં આવેલ દાદનો અંત આવેલ છે તેથી હવે હાલના કેસમાં કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ બીજા પક્ષકારની આંક–૦૯ ની પુરસીસ અન્વયે હાલનો કેસ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**૩.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૧૩/૦૭/૨૦૧૯.
સ્થળ : અમદાવાદ.

(રાજુ નટવરલાલ પટેલ)
કોડ : જીજે૦૦૭૮૯
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

એચ.એન.પટેલ. પી.એ.